# પાલનપુર નજીક ઉમરદસી નદીનો પુલ બનાવતા મશીન નીચે ૪ મજૂર દટાયા

પાલનપુર, તા. ૨૬



બનાસકાંઠામાં ઉમરદસી નદી પર પુલની સેફ્ટી વોલ બનતી વખતે મિક્સર મશીન ગબડી પડતા ચાર મજૂરો ખાડામાં દટાઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં બે ને બચાવી લેવાયા હતા જ્યારે બે મજૂરોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા.

પાલનપુર અંબાજી રોડ પર આવેલી ઉમરદસી નદી પરના પુલની સેફ્ટીવોલનું કામકાજ ચાલી રહ્યુ હતું તે દરમ્યાન અચાનક ભેખડ ધસી પડતા દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં નીચે કામ કરી રહેલા મજૂરો પર પુલ પરથી મિક્સર મશીન પડતા ચાર મજૂરો દટાતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાથી આજુબાજુના મજૂરો તાત્કાલિક દોડી આવ્યા હતા અને બે મજૂરોને બચાવી લેવાયા હતા. જ્યારે બે મજૂરોના ગૂંગળામણના કારણે મોત નિપજ્યા હતા. આ બનાવની જાણ થતાં પાલનપુર પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને ક્રેનની મદદથી બિહારના રોહિત જાદવ અને પપ્પુ જાદવ નામના બે મજૂરોનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ બનાવની જાણ થતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# ખેડબ્રહ્મા પોસ્ટ ઓફિસનું રાઉટર બંધ થતાં બાળકોનુ ભાવિ અંધકારમય

### ૬ મહિનામાં બીજીવાર દસ દિવસ માટે કામકાજ બંધ થયું




ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા શહેરમાં તાલુકાની પોસ્ટ ઓફિસમાં કામકાજ છેલ્લા પાંચ દિવસથી બંધ હોય તાલુકાનાં અરજદારોને ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. બંધ દરમિયાન ઓફિસે કર્મચારીઓ બીડી પીતા નજરે પડ્યા હતાં.

ખેડબ્રહ્મામાં યાદવ કોમ્પ્લેક્ષમાં પોસ્ટ ઓફિસ આવેલ છે. જેમાં ખેડબ્રહ્મા તાલુકાનાં ગામડાના લોકોના રજિસ્ટર્ડ, પાર્સલ, મનીઓર્ડર, વી.પી., પોસ્ટલ ઓર્ડર, બચત બેંક, પી.આઈ.એલ., સ્પીડ પોસ્ટ, અરજદારો આવે છે. આ ઉપરાંત હાલમાં લેવાતી સરકારની વિવિધ પરીક્ષાની ફી ના ચલણ અને સરકારી કામકાજના ચલણ પણ પોસ્ટ ઓફિસમાં ભરવામાં આવે છે.

ખેડબ્રહ્મા પોસ્ટ ઓફિસનું ઈન્ટરનેટનું રાઉટર ગત ૧૯ સપ્ટેમ્બરથી બંધ હાલતમાં છે જેને લઈ વિવિધ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ચલણ ભરવા માટે વારંવાર ધક્કા ખાવાનો વારો આવ્યો છે. આગિયા ગામના કુલદીપસિંહ વાઘેલા, વિજયસિંહ દેવડા, અને ખેડબ્રહ્માના રાહુલકુમાર ઓડના જણાવ્યા અનુસાર અમો આગામી સમયમાં પોલીસ, ક્લાર્ક અને તલાટીની પરીક્ષા આવવાની હોય તે માટેના ચલણ ભરવા અઠવાડિયામાં બે થી ત્રણ વાર આવી ગ્યા પણ આ પોસ્ટઓફિસનું નેટ બંધ હોવાનું જણાવી ચલણ ભરવામાં આવતા નથી. અમો તો નજીકમાંથી આવીએ છીએ પરંતુ જે અરજદારો દૂરદૂરથી આવે છે તેમને ચલણ કરતાં તો ભાડું વધી જાય છે.

આ ઉપરાંત સરકારી કામકાજના ચલણ પણ ભરી શકતા ના હોય સકારી કામકાજ પણ ઠપ્પ થઈ ગયું છે પી.આઈ.એલ., મનીઓર્ડર અને પાર્સલ પણ ઈસ્યુ કરવામાં આવતા નથી. પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર અને ત્રણ ક્લાર્કનો સ્ટાફ હોવા છતાં રાઉટર બંધ હોય બેસી રહે છે. અને અરજદરોને વડાલી કે ઈડર જઈ પોતાનું કામ કરી આવવાની સલાહ આપવામાં આવે છે.

પોસ્ટ માસ્ટર એમ.એન. પંડોરના જણાવ્યા અનુસાર ગત ૧૯ સપ્ટેમ્બર થી રાઉટર બંધ થઈ ગયેલ છે. જેની જાણ ડિવિજન પોસ્ટ ઓફિસ હિંમતનગરને કરવામાં આવી છે. જે લોકો ચેન્નઈ જાણ કરશે અને ત્યાથી ટેક્નિશિયન આવશે ત્યારે રાઉટર રીપેર કરશે અથવા બદલી જશે ત્યાર બાદ જ કામકાજ ચાલુ થશે.

# અરવલ્લી જિલ્લામાં સાત અદ્યતન લેબ મંજુર કરાઈ

### મોડાસાની મખદુમ હાઇસ્કૂલમાં અટલ ટીન્કરિંગ લેબ જિલ્લા કલેક્ટરના હસ્તે ખુલ્લી મુકાઈ : ધારાસભ્ય, ડીએસપી, ડીઈઓ, ડીપીઓ સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ સમારોહમાં ઉપસ્થિત રહ્યા

મોડાસા, તા.૨૬



અરવલ્લી જિલ્લા કલેકટરે મોડાસાની ૫૩ વર્ષ જૂની મખદુમ અને ૫૧ જેટલા વર્ગો ધરાવતી શિક્ષણક્ષેત્રે અગ્રેસર મખદુમ હાઈસ્કૂલમાં કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત મજૂર થયેલ જિલ્લામાં સાત નુંઅદ્યતન લેબ પૈકીની એક અટલ ટીન્કરિંગ લેબને ખુલ્લી મૂકી હતી.

મોડાસા અને જિલ્લાના વિવિધ સંસ્થાઓનાના અગ્રણીઓ, આચાર્યો, સંસ્થાના કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી, સભ્યોની ઉપસ્થિતિમાં મખદુમ શાળાના મલ્ટીપરપઝ હોલમાં યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં શાળાના આચાર્ય રજાકહુસેન યુ. મન્સૂરીએ મહેમાનોને આવકાર્યા હતા જ્યારે મખદુમ એજ્યુકેશન સાસાયટીના પ્રમુખ મો.નઈમ વાય મેઘરજીએ આધુનિક અટલ ટીન્કરિંગ લેબની સ્કિલ ઈન્ડિયાના સંદર્ભમાં ઊંડાણપૂર્વક વિશેષતાઓ વર્ણવીને કેન્દ્ર સરકારની યોજનાને આવકારીને સરાહના કરી હતી. પ્રમુખે શાળાના છાત્રોને આ લેબનો કોઠાસૂઝ થકી ઉપયોગ કરીને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને કંઈક કરી બતાવવા અપીલ કરી હતી.

મંડળના મંત્રી મોહસીન બુલાએ પણ લેબના ઉપયોગ અને પ્રવર્તમાન સમય સાથે કદમ મિલાવવા અને કંઈક નવું કરવાની આ આધુનિક લેબ એક પ્રેરણાનું માધ્યમ બની તેના થકી અનેક સંશોધનોનો માર્ગ મોકળો બન્યો હોવાનું જણાવ્યું હતું.

૩૩૦૦ જેટલી છાત્ર સંખ્યા ધરાવતી જિલ્લાની અને જિલ્લાના મુખ્ય મથકની આ શાળા એક વટવૃક્ષ બની છે ત્યારે તેના પ્રમુખ, મંત્રી તેમજ તેમની ટિમ ઉપરાંત શાળાના આચાર્ય, સ્ટાફને પણ કલેકટર એમ.નાગરાજન, ડીએસપી મયુર પાટીલ સહિતના મહેમાનોએ બિરદાવી હતી. આજના ઝડપી યુગમાં અનેક સંશોધનો દ્વારા સમાજને કઈક આપવાની શાળાકક્ષાએ આવી અદ્યતન અને સ્કિલ લાવનારી લેબને એક ઉત્તમ પગલું ગણાવીને જિલ્લા કલેકટર એમ.નાગરાજને બાળકોને પ્રેરણારૂપ ચિંતનીય ઉદબોધન કરી બાળકોમાં નવી ચેતના બક્ષી હતી. શાળાના આચાર્યે પ્રારંભે જિલ્લા કલેક્ટર સહિત મહાનુંભાવોનાં વિચારોને મૂર્તિમંત કરવા શાળા પૂરો પ્રયાસ કરશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય ઠાકોર, જયારે જિલ્લાના ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશ્નર અતુલભાઈ દીક્ષિત ઉપરાંત જિલ્લાના સહકારી સંઘના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ, ડીપીઓ ઝાલા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.એ.કે. મોઢ પટેલ ઉપરાંત મોડાસાની સર્વોદય સહકારી બેન્કના ચેરમેન ઈકબાલહુસેન જી. ઈપ્રોલિયા, મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ. સોસાયટીના ચેરમેન અ. રજ્જાક એચ. ટીટોઈયા ઉપરાંત મોડાસા અને જિલ્લાની શાળાના આચાર્યો, પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



### અરવલ્લી જીલ્લામાં ૩ દિવસમાં ત્રણ ઋતુ અનુભવતા પ્રજાજનો : ધુમ્મસ છવાતા જનજીવન પ્રભાવિત

અરવલ્લી જીલ્લામાં ધોધમાર વરસાદ, અસહ્ય ગરમી બાદ આજે વહેલી સવારે જીલ્લાના વાતાવરણમાં ભારે ધુમ્મસ સાથે વાદળછાયું વાતાવરણ જોવા મળતા અને ધુમ્મસ છવાયેલું રહેતા વાહનચાલકો સહીત અનેક લોકો અટવાયા હતા. વાતાવરણનો પારો એકાએક ગગડતા પ્રજાજનોએ સવારના આઠ વાગ્યા સુધી હિલસ્ટેશન જેવો આહલાદક અહેસાસ અનુભવ્યો હતો. જીલ્લાના માર્ગો પર ધુમ્મસના પગલે વિઝિબિલિટી ઘટી જવાના કારણે માત્ર થોડે દૂર રહેલા વાહનો પણ નજરે ન પડતા વાહનચાલકોએ હેડલાઈટ અને પાર્કિંગ લાઈટ ચાલુ રાખી માર્ગો પરથી ધીમી ગતિએ પસાર થતા જોવા મળ્યા હતા. કેટલાક ભારે વાહનોના ચાલકોએ રોડ બાજુ વાહનો ઉભા રાખી દીધા હતા. ધુમ્મસ છવાતા ચોમાસામાં વિદાયના એંધાણ સાથે ધુમ્મસથી ખરીફ પાકને નુકશાન થવાની ભીતિ ભૂમિપુત્રોએ વ્યક્ત કરી હતી.



### લાઇન છે ભાઇ બે ઘડી આરામ ફરમાવીએ

પ્રાંતિજ જનસેવામાં આધાર કાર્ડ કઢાવવા માટે આવેલ ભુલકાઓ આધાર કાર્ડ માટેની લાંબી લાઈન હોવાથી એક બાળકી પોતાના પિતાના ખોળામાં જ તથા બાળક બેચની ઉપર બે ઘડી આરામ ફરમાવી રહ્યાં છે. તંત્ર દ્વારા મુકવામાં આવેલ બેઠક વ્યવસ્થાનો એક ભાગ ટુટી ગયો હોવા છતાં બન્ને બાળકો પોતાના પિતા સાથે ટુટેલી બેચની ઉપર આરામ ફરમાવતા નજરે પડે છે. પણ જેની જવાબદારી છે તંત્રને આ બેઠક વ્યવસ્થા ક્યારે નજરે પડશે અને કયારે રીપેરીંગ થશે એ પણ એક પ્રશ્ન છે.

# ખેલ મહાકુંભમાં પ્રાંતિજની ફૂટબોલ ટીમ જિલ્લામાં પ્રથમ સ્થાને આવી



પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તાજેતરમાં જ ફૂટબોલ ઓપન એઝ ગ્રુપની ૨૧ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં પ્રાંતિજની પ્રાઈરેટસ એફસીની ટીમ જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું.

પ્રાંતિજના વિદ્યાર્થીઓ દ્વારા ફુટ બોલની ટીમ બનાવી હિંમતનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. જેમાં ફુટબોલ ઓપન એઝ ગ્રુપની ૨૧ ટીમોએ ભાગ લીધો હતો જેમાં પ્રાંતિજની પ્રાઈરેટસ એફસીની ટીમ જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ હતું. ઉલખનીય છે કે સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવા અને બાળકો માં રહેલ શકિતઓને બહાર લાવવા દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

ત્યારે પ્રાંતિજના બાળકોએ પોતાના જાતે સહ ખર્ચે તથા પીટી શિક્ષક કે કોચ વગર ફુટબોલ ટીમ બનાવી પ્રાંતિજ ખાતે પ્રેક્ટિસ કરી હિંમતનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. જિલ્લામાં યોજાનાર ફુટબોલ સ્પર્ધા માં કુલ-૨૧ ટીમોએ ભાગ લીધો હતો જેમાં પ્રાંતિજની આ ટીમનો વિજય થયો હતો.

# શામળાજી આરટીઓ પર હુમલાના ગુન્હામાં ૨ વર્ષથી નાસતા ફરતા ૨ આરોપીઓને એસઓજીએ દબોચ્યા

શામળાજી, તા. ૨૬

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જીલ્લામાં વિવિધ ગુન્હાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા આદેશ કરતા જીલ્લા એસઓજી પોલીસે જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં મહદંશે સફળ રહી છે. જીલ્લા એસઓજી ટીમે શામળાજી આર.ટી.ઓ ચેકપોસ્ટ પર હુમલામાં સંડોવાયેલા અને રાયોટિંગના ગુન્હામાં નાસતા ફરતા બે આરોપીઓને શામળાજી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

જીલ્લા એસ.ઓ.જી ડી.આર. ભાટિયાની રાહબળી હેઠળ પી.આઈ અને પી.એસ.આઈ. એ.આર. પટેલ અને તેમની ટીમે બાતમીના આધારે શામળાજી આર.ટી.ઓ. કચેરીમાં તોડફોડ કરી હુમલો કરી ફરાર થઈ ગયેલા અને શામળાજી પોલીસ સ્ટેશનના રોયોટિંગ ગુન્હાના આરોપીઓ જયેશ રમેશ નિનામા અને યોગેશ ઉર્ફે ભલ્યો અરવિંદ નિનામા (બંને રહે,નવા વેણપુર, ભિલોડા) પોલીસને હાથતાળી આપી છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા હોવાથી શામળાજી બસસ્ટેન્ડ નજીકથી દબોચી લઈ શામળાજી પોલીસ સ્ટેશનમાં સોંપી દીધા હતા.

### કાંકરેજ તાલુકાની રૂવેલ નવા પ્રા. શાળાની બાલીકાઓ ખો.ખો.માં તાલુકામાં ચેમ્પીયન

કાંકરેજ, તા. ૨૬

કાંકરેજ તાલુકાની રૂવેલ નવા પ્રા. શાળાની બાલીકાઓ ખેલમહાકુંભ અંતર્ગત ચીમનઘઢ પ્રા. શાળામાં યોજાયેલ તાલુકાકક્ષાની ખોખોની ફાઈનલ સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી રૂવેલ નવા પ્રા. શાળા અને રૂવેલ ગામ અને સમગ્ર કાંકરેજ તાલુકાનુ નામ રોશન કર્યુ હતુ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રુવેલ નવા પ્રા. શાળાની બાલીકાઓએ ખેલ મહાકુંભમાં ટોચનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. એ બદલ શાળા પરીવાર હર્ષની લાગણી અનુભવી હતી અને અને ગ્રામજનો દ્વારા બાલીકાઓને શાળામાં સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

# સ્કીલ ઈન્ડિયા મેકીંગ ઈન્ડિયાને આગળ ધપાવતા મહેસાણાના યુવા ઉધોગ સાહસિક

મહેસાણા, તા. ૨૬

મહેસાણા વિવિધ એન્જીનીયરીંગ મશીનરીના ઉત્પાદનમાં નામના મેળવનાર મહેસાણા જિલ્લાના એપોલો ઈન્ફ્રાસ્ટ્રકચરના ઉદ્યોગ સાહસિક યુવાનના ઔદ્યોગીક વિસ્તરણને કડી તાલુકાના રાજપુર ખાતેથી કાર્યાન્વીત કરતા રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે આ પ્રસંગે યોજાયેલા સમારોહના અધ્યક્ષ સ્થાનેથી શૂભેચ્છા આપતા જણાવ્યુ હતું કે, વિશ્વના અનેક દેશો સાથે ઔદ્યોગીક જોડાણ કરી મહેસાણા જિલ્લાને ઔધોગીક ક્ષેત્રે રોશન કર્યો છે. ત્યારે યુવા ઉધોગ સાહસિક અજિતભાઈ પટેલ અને તેમના સાહસિક પુત્ર મિતુલ પટેલે દેશના છેવાડાઓની બહાર વિશ્વમાં મહેસાણાને બાંધકામ ક્ષેત્રની એન્જીનીયરીંગ ટેકનોલોજીમાં નામના અપાવી છે.



ગુજરાતને ઔધોગીક ક્ષેત્રે સતત આગળ વધારવા અને વધુને વધુ યુવા રોજગારીના સર્જન કરવા રાજય સરકાર મશીનરી મેન્યુફેકચરીંગ હોય કે, આઈ ટી સેકટર હોય કે, ફાર્માસ્ટીકયુઅલ હોય કે, સર્વીસ સેકટર હોય આવા તમામ ક્ષેત્રોમાં રાજયના ઉધોગ સાહસિકોનું અગ્રીમ યોગદાન રહેલુ છે. દુનીયામાંની શ્રેષ્ઠ પ્રતિષ્ઠિત કંપનીઓ સાથેના જોડાણોને મંત્રીએ આવકાર્યા હતા. દેશમાં મોટા પ્રમાણમાં આપણે આરસીસી રોડ બનાવીએ છીએ, આપણને આનંદ છે કે, ભારત સરકારના પ્રોજેકટ અંર્તગત સોમનાથ દ્વારકાનો આરસીસી રોડ બની રહ્યો છે. ત્યારે આધુનીક ટેકનોલોજી ધરાવતી મશીનરીઓના ઉત્પાદક તરીકે એપોલો ઈન્ફ્રાસ્ટ્રકચરના યુવા ઉધોગપતિએ મહેસાણા જિલ્લાને ગૌરવ અપાવવાનું કામ કર્યુ છે.

# તલોદ નગરપાલિકાની કારોબારી બેઠકનો ફિયાસ્કો

તલોદ, તા. ૨૬




તલોદનગર પાલિકાના વિવિધ લાખ્ખોના વિકાસ કામો માટે બુધવારે સાંજે કારોબારીની ખાસ મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં આશરે સાત જેટલા સભ્યો અસંતોષના કારણે ગેરહાજર રહેતા પાલિકાની કામગીરીમાં ફિયાસ્કો થયો હતો. જેના કારણે ચિફ ઓફિસર પણ વાયુવેગે મળતા સમાચારથી ઓફિસ છોડી જતા રહ્યા હતા.

પાલિકામાં કેટલાય સમયથી કોંગ્રેસ શાસિત સત્તામાં કેટલાક સભ્યો દ્વારા કારોબારીની મિટિંગમાં અસંતોષ અને વારંવાર રાજીનામા ધરી દેતા કારોબારીની મિટિંગમાં ફિયાસ્કો થયો છે. જેથી તલોદનગર પાલિકાનો વિકાસ રૂંધાયો હોવાનું લોકોમાં ચર્ચાયુ છે. વધુમાં તલોદ નગરપાલિકામાં વહિવટી કામગીરી પણ ખોરંભે પડી જવાથી કરોડોની ગ્રાન્ટો ઉપર પણ અસર થઈ છે અને વિવિધ વિકાસ કામગીરી ઉપર પણ માઠી અસર થતા લોકોમાં ચુંટાયેલા સંત્તાધીશો પર આક્રોશ જોવા મળી રહ્યો છે.

પાલિકામાં મુકાયેલા ચિફ ઓફીસર આશિષભાઈ દરજીને પુછતા જણાવ્યું હતું કે પાલિકાની કારોબારીના ચેરમેનને પુછો કેમ બંધ રહી તે અંગે હુ જાણતો નથી તેવુ કહી માહિતી વધુ આપવા અંગે આંખ આડા કાન કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

# મેઘરજ તાલુકાના ઈપલોડા ગામના ૨૦ વર્ષીય યુવકને ડેંગ્યુ

### યુવક ગાંધીનગરમાં હોસ્ટેલમાં રહી ક્લાસીસ કરતો હતો

મેઘરજ, તા. ૨૬

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામનો ૨૦ વર્ષીય યુવક ગાંધીનગરમાં એક ખાનગી હોસ્ટેલમાં રહિ ક્લાસીસ કરતો હતો. તે દરમ્યાન યુવકને થોડા સમયથી સતત તાવ રહેતો હોવાથી યુવક સારવાર અર્થે વતનમાં ઈપલોડા ગામે આવી મેઘરજની ખાનગી હોસ્પીટલમાં સારવાર કરાવી હતી. તે દરમ્યાન ડેંગ્યુ જણાતાં યુવકને મોડાસાની એક ખાનગી હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં હાલ સારવાર હેઠળ છે. ત્યારે મેઘરજ આરોગ્ય વિભાગે ઈપલોડા ગામે ઘરે ઘરે જઈ પાણીનાં કુંડા ટાંકીઓમાં દવા નાખી મકાનોમાં પણ દવાનો છંટકાવ કરાયો હતો.

**ધાનેરા નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા સને-૨૦૧૮**

નગરપાલિકા ધાનેરા દ્વારા મનોરંજન કર ગ્રાન્ટમના બે કામો જેની અંદાજીત કિંમત રૂ. ૧૭.૩૩ લાખના માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ ૨ૅ://હૅષ્ઠિ.ર્ઙ્ઘ્ઢ પર તા. ૨૮/૯/૨૦૧૮ અને ત્યાર બાદ જોઈ શકાશે અને ડાઉનલોજ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રીજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે. તેમજ સમયમર્યાદા બહારના તેમજ અધુરી વિગતોવાળા ટેડરો ધ્યાને લેવામાં આવશે નહી. ગ્રાન્ટ ઉપલબ્ધ મુજબ ચુકવણું કરવામાં આવશે. જે બાબતે પત્રવ્યવહાર કરવો નહીં.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ | તા. ૨૮/૯/૧૮થી તા. ૮/૧૦/૨૦૧૮ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમીશન | તા. ૮/૧૦/૨૦૧૮ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈમેડી(બાનામુક્તિ) પ્રમાણપત્ર માન્ય રહેશે નહીં) અને અન્ય દસ્તેવાજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં ફક્ત આરપીએડીથી રજુ કરવાની તારીખ | તા. ૧૧/૧૦/૨૦૧૮ ૧૬.૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ઓપનીંગ | તા. ૧૨/૧૦/૨૦૧૮ સાંજે ૧૮.૦૦ કલાકે |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.
નં.ન.પા.ધા./બાંધકામ/વશી /૨૦૧૮ તા. ૨૬/૯/૨૦૧૮

**(વી. બી. પરમાર)** ચીફ ઓફીસર નગરપાલિકા, ધાનેરા
**(ગોવિંદસિંહ વી. રાજપુત)** ચેરમેન બાંધકામ સમિત નગરપાલિકા, ધાનેરા
**(વસંતીબેન વી. ગલચર)** ઉપપ્રમુખ નગરપાલિકા, ધાનેરા
**(બળવંતજી સી. બારોટ)** પ્રમુખ નગરપાલિકા, ધાનેરા